# Memorandum of Understanding (MOU)

Between

**Gujarat State Yog Board (GSYB)**

And

**Lakulish Yog University, Ahmedabad (LYU)**

Gujarat State Yog Board • Gandhinagar •

# <u>ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને લકુલીશ યોગ યુનિર્વસિટી, અમદાવાદ ની વચ્ચેનો</u>

# <u>સમજૂતી કરાર</u>

બે સંસ્થાઓ વચ્ચેના સહકારના શૈક્ષણિક લાભોને માન્ય રાખીને વાજબીપણાં અને સમાનતાના આધાર પર સહકારની પ્રક્રિયા સરળ બનાવવા માટે **ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને લકુલીશ યોગ યુનિર્વસિટી, અમદાવાદ** આ સમજુતી કરાર પર જોડાણ કરે છે. દેખીતી રીતે જ સહકારી સંબંધમાં પ્રત્યેક પગલું પરસ્પરની સંમતિથી અને પરામર્શ એકબીજાની સંમતિ પર આધારિત હશે. આ સમજુતી કરારનો સામાન્ય હેતુ યોગ, આરોગ્યપ્રદ જીવન અને સુખાકારી પ્રવૃતિઓ શીખવાની અને આવી પ્રવૃત્તિઓની તાલીમ અને સંયુક્ત શૈક્ષણિક અને તાલીમ કાર્યક્રમોની શક્યતાઓને આગળ વધારવાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા માટે આ સમજુતી કરારમાં ભાગ લઇ રહેલી બે સંસ્થાઓ વચ્ચે શૈક્ષણિક, તાલીમ સંબંધ અને સહયોગ માટે મજબુત માળખું સ્થાપવાનો છે. સહભાગી સંસ્થાઓ સહયોગ માટે નીચે મુજબના વિવિધ આયામો અપનાવવા માટે સહમત થાય છે.

1. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારીની પ્રવૃત્તિના ક્ષેત્રમાં સંયુક્ત તાલીમ, બંને સંસ્થાઓ જરૂરી પરવાનગીઓ અને પરવાંના મેળવવાની બાબતમાં એકબીજાને મદદ કરશે.
2. યોગ, સ્વાસ્થ્યપ્રદ જીવન અને સુખાકારીની પ્રવૃત્તિઓની બાબતમાં શૈક્ષણિક સામગ્રી અને શૈક્ષણિક પ્રકાશનોનું આદાનપ્રદાન કરશે.
3. તાલીમ, કાર્યશાળા, વ્યાખ્યાનો અને ચર્ચા-સભાઓ માટે વિધાશાખાના સભ્યોનું આદાન પ્રદાન કરશે.
4. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારી પ્રવૃત્તિઓ, તેઓની તાલીમ, કાર્યશાળા અને સ્પર્ધાઓના આયોજન માટે માળખાગત સુવિધાઓનો પરસ્પર ઉપયોગ.
5. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારી પ્રવૃત્તિઓને લગતા ખાસ પ્રસંગોનો અમલ કરવા માટે બંને સંસ્થાઓ દ્વારા પુરી પાડવામાં આવતી પરામર્શ સેવાઓ.
6. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારી પ્રવૃત્તિઓને લગતા અભ્યાસક્રમો અને શૈક્ષણિક કાર્યક્રમો માટે જ્યારે જરૂર પડે ત્યારે/સક્ષમ સત્તાધિકારીઓની મંજુરી મળ્યેથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને લકુલીશ યોગ યુનિર્વસિટી સંસ્થા જોડાણ મેળવશે.
7. યોગના સર્વાંગી પ્રચાર માટે લકુલીશ યોગ યુનિર્વસિટી ની શૈક્ષણિક કુશળતાને ગુજરાત રાજય યોગ બોર્ડ ના આઉટરીચ નેટવર્ક સાથે જોડવી.
8. સંયુક્ત કાર્યક્રમો દ્વારા યોગ પ્રશિક્ષકો, વિધાર્થીઓ અને સમુદાયોને સશક્ત બનાવવું.
9. ભારતીય જ્ઞાન પરંપરા, ચારિત્ર્ય નિર્માણ, દેશ પ્રેમ અને દેશ ભક્તિનો પ્રચાર.
10. બંને સંસ્થાઓ માટે સમાન લાભ, વહેંચાયેલ સંસાધનો, દૃશ્યતા અને તકોની ખાતરી કરવી.
11. 15-દિવસના સઘન યોગ તાલીમ કાર્યક્રમો (ઓનલાઇન/ઓફલાઇન)નું સંચાલન.

Gujarat State Yog Board
Gandhinagar

12. નીચે મુજબના વિષયોમાં ટૂંકા ગાળાના સર્ટીફીકેટ કોર્સ (ટૂંકા અભ્યાસક્રમ) નો વિકાસ અને વિસ્તરણ:
    a. પતંજલિ યોગ સૂત્ર
    b. ઘેરંડ સંહિતા
    c. હઠ યોગ પ્રદીપિકા
    d. આહાર અને પોષણ
13. ગુજરાત રાજય યોગ બોર્ડ ના સભ્યોને લકુલીશ યોગ યુનિર્વસિટી ડિગ્રી કાર્યક્રમો (BA, MA, BSc, MSc in Yoga streams) અંગે માહિતગાર કરવા.
14. સંયુક્ત સંશોધન, પ્રોજેક્ટ્સ અને શૈક્ષણિક વિકાસ માટે પ્રયાસ કરવા.
15. ગુજરાત રાજય યોગ બોર્ડ સભ્યોની સહ-સંશોધકો, ક્ષેત્ર નિષ્ણાતો અને સંયોજકો તરીકે ભાગીદારી.
16. લકુલીશ યોગ યુનિર્વસિટી અને ગુજરાત રાજય યોગ બોર્ડ વચ્ચે ફેકલ્ટી અને ટ્રેનરનું આદાનપ્રદાન.

સંયુક્ત પ્રવૃત્તિઓનું વિષયવસ્તુ અને સિદ્ધ કરેલ પરિણામોનો ઉપયોગ કરવા માટેની શરતો તેમજ મુલાકાતો અને વિધાર્થીઓ/તાલીમાર્થીઓના આદાન-પ્રદાન સહિતના તમામ પ્રકારના સહકાર માટેની વ્યવસ્થાઓ અંગે પ્રત્યેક ચોક્કસ કિસ્સામાં વાટાઘાટો કરવામાં આવશે. બંને સંસ્થાઓને ખ્યાલ છે કે તમામ આર્થિક વ્યવસ્થાઓ અંગે વાટાઘાટો કરવામાં આવશે અને સંલગ્ન પ્રવૃત્તિઓની શરૂઆતની પહેલા વિનિમય કરાર મુકરર કરવામાં આવશે.

આ સમજુતી કરારના અસરકારક અમલ માટે પ્રત્યેક સંસ્થા બંને સંસ્થાઓ વચ્ચેના સંપર્ક માટે જવાબદાર સંપર્ક વ્યક્તિ તરીકે એક સભ્યની નિમણૂક કરશે. આ સમજુતી કરાર જ્યાં સુધી કોઇ એક પક્ષ દ્વારા અન્ય પક્ષને લેખિતમાં છ મહિના પહેલાં નોટિસ આપવામાં ન આવે ત્યાં સુધી શરૂઆતમાં ત્રણ વર્ષ સુધીની મુદત સુધી અમલમાં રહેશે. બંને સંસ્થાના પ્રતિનિધિઓ આ સમજુતી કરાર સમાપ્ત થવાના છ મહિના પહેલા આ કરારની મુદત વધારવાની શરતો અંગે ચર્ચા કરશે અન્યથા તેની મુદત આપોઆપ વધી ગયેલ હોવાનું માની લેવામાં આવશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી,શીશપાલ રાજપૂત અને લકુલીશ યોગ યુનિર્વસિટીના રજીસ્ટ્રારશ્રી શિવમ ત્રિપાઠી દ્વારા વર્ષ ૨૦૨૬ ના એપ્રિલ મહિનાની .......... તારીખે અમલમાં આવેલ.

સ્થળ: ગાંધીનગર

તારીખ: 13/04/૨૦૨૬

રજીસ્ટ્રારશ્રી
લકુલીશ યોગ યુનિર્વસિટી,
અમદાવાદ

Gujarat State Yog Board
Gandhinagar

13/04/2026

ચેરમેનશ્રી
ગુજરાત રાજય યોગ બોર્ડ
ગાંધીનગર

Chairman
Gujarat State Yog Board
Gandhinagar